**નવી બાબત ૨૦૨૧-૨૨**

અગરીયા જાતિ માટેની ૦૫ આદર્શ નિવાસી શાળાઓમાં સ્માર્ટ સ્કુલ ઇ-લર્નિંગ પ્રોજેક્ટ માટે વહીવટી મંજૂરી **રૂ.૨૫.૦૦ લાખ**

**ગુજરાત સરકાર**

**સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ**

**ઠરાવ ક્રમાંકઃસશપ/૧૨૨૦૨૧/૧૧૯૫૫/ન.બા.-૫૩/અ.૧**

**સચિવાલય, ગાંધીનગર.**

**તારીખઃ ૧૨/૦૮/૨૦૨૧**

**વંચાણે લીધાઃ-**

(૧) સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગના તા.૨૫/૦૪/૨૦૧૬ના ઠરાવ ક્રમાંક: **અસમ/૧૦૨૦૧૬/ન.બા.૪૭/અ.૧**

(૨) નિયામકશ્રી, વિકસતી જાતિ કલ્યાણનો તા.૦૯/૦૨/૨૦૨૧નો પત્ર ક્રમાંક: વિજાક/આનિશા/ન.બા./૨૦૨૦-૨૧/૪૧૦-૧૧ તથા તા.૦૬/૦૪/૨૦૨૧નો પત્ર ક્રમાંક: વિજાક/આનિશા/ન.બા./૨૦૨૧-૨૨/૫૬૪-૬૫

**આમુખ:-**

સામાજિક અને શૈક્ષણિક પછાત વર્ગના વિદ્યાર્થીઓના વાલીઓ આર્થિક અને શૈક્ષણિક રીતે પછાત હોવાથી તેમના બાળકો ધો.૮ પછીનો અભ્યાસ ચાલુ રાખી શકતાં નથી. આ જાતિના વિદ્યાર્થીઓની કારકિર્દી ઉપર અવરોધ ન થાય અને આ જાતિના બાળકોમાં શિક્ષણનો વ્યાપ વધે તેમજ સારુ શિક્ષણ મેળવીને પોતાની શૈક્ષણિક કારકિર્દીનું ઘડતર કરી શકે તે હેતુથી હાલમાં રાજયમાં ધોરણ ૯ થી ૧૨ સુધીના અભ્યાસક્રમ ચાલતી સામાજિક અને શૈક્ષણિક પછાત વર્ગ માટેની ૨૮ અને અગરિયા જાતિ માટેની ૦૫ મળી કુલ ૩૩ આદર્શ નિવાસી શાળા ચલાવવામાં આવે છે, જેમાં વિદ્યાર્થીઓ/વિદ્યાર્થીનીઓને વિનામુલ્યે રહેવા, ભોજન અને ભણવાની સવલતો

આપવામાં આવી રહી છે. તદ્ઉપરાંત વર્ષે ગણવેશ, બુટ-મોજા, પાઠયપુસ્તકો, સ્ટેશનરી વગેરેની સવલતો પણ વિના મુલ્યે આપવામાં આવે છે.

પછાતવર્ગના વિદ્યાર્થીઓને હાલના ટેકનોલોજીના યુગમાં અનુદાનિત પ્રાથમિક નિવાસી શાળામાં ઇ-માધ્યમથી શિક્ષણ મેળવી શકે તે હેતુસર સરકારશ્રીના સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગના વંચાણે લીધેલા ઠરાવ ક. (૧)ના તા.૨૫/૪/૨૦૧૬ના ઠરાવથી વિચરતી વિમુક્ત જાતિની ગ્રાન્ટ ઇન એઇડ આશ્રમશાળાઓમાં સ્માર્ટ સ્કુલ ઇ-લર્નીંગ પ્રોજેક્ટની વહીવટી મંજુરી આપવામાં આવેલ હતી.

આ પ્રોજેક્ટના ધોરણે વિકસતી જાતિની આદર્શ નિવાસી શાળાઓના વિદ્યાર્થી/વિદ્યાર્થીનીઓને પણ આ યોજનાનો લાભ મળે તે હેતુસર સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગની આદર્શ નિવાસી શાળાઓમાં સ્માર્ટ સ્કુલ ઇ-લર્નીંગ પ્રોજેક્ટ ચલાવવા ૨ વર્ગોનો અંદાજિત કુલ ખર્ચ રૂ.૫,૦૦,૦૦૦/- લેખે ૦૫ આદર્શ નિવાસી શાળાઓમાં ૧૦ વર્ગોના પ્રોજેક્ટનો કુલ અંદાજિત ખર્ચ રૂ.૨૫,૦૦,૦૦૦/- માટેની નવી બાબત માટે નિયામકશ્રી, વિકસતી જાતિ કલ્યાણ દ્વારા વંચાણે લીધેલ ક્રમાંક (૨) થી દરખાસ્ત કરવામાં આવેલ હતી. જેનો નાણાંકીય વર્ષ ૨૦૨૧-૨૨ના અંદાજપત્રમાં સમાવેશ કરવામાં આવેલ છે. જેની વહીવટી મંજૂરી આપવાની બાબત સરકારશ્રીની વિચારણા હેઠળ હતી.

**ઠરાવ:-**

પુખ્ત વિચારણાના અંતે અગરીયા જાતિ માટેની ૦૫ આદર્શ નિવાસી શાળાઓમાં સ્માર્ટ સ્કુલ ઇ-લર્નિંગ પ્રોજેક્ટ માટે એક વર્ગના અંદાજિત રૂ.૨,૫૦,૦૦૦/- પ્રમાણે ૧૦ વર્ગો માટે રૂ.૨૫.૦૦ લાખની નવી બાબતની વર્ષ ૨૦૨૧-૨૨ના અંદાજપત્રમાં થયેલ જોગવાઇ હેઠળ, આ સાથે સામેલ પરિશિષ્ટ-૧માં દર્શાવેલ સાધન-સામગ્રી માટે નીચેની શરતોને આધીન આથી વહીવટી મંજૂરી આપવામાં આવે છે.

**શરતો:-**

૧. આ મંજૂરી અન્વયે કરવાનો થતો ખર્ચ સને ૨૦૨૧-૨૨ ના નાણાકીય વર્ષની અંદાજપત્રીય જોગવાઈને આધીન અને નાણાં વિભાગ દ્વારા વખતો વખત ફાળવવામાં આવતી ગ્રાંટની મર્યાદામાં કરવાનો રહેશે.

૨. પ્રસ્તુત કામ માટે પ્રવર્તમાન નિયમોને આધીન ચાલુ તથા આગામી નાણાકીય વર્ષમાં પર્યાપ્ત

અંદાજપત્રીય જોગવાઈ કરાવી લેવાની રહેશે.

૩. આ અંગેનુ ખર્ચ રાજ્ય સરકારના સ્થાયી તેમજ વખતો-વખત લાગુ પડતાં ઠરાવો/પરિપત્રો અને નિયમોની જોગવાઈઓ મુજબ નિયત પધ્ધતિથી કરવાનું રહેશે.

૪. આ મંજૂરી અંગે કરવાના થતા ખર્ચ અંગે નાણાકીય ઔચિત્યના સિંધ્ધાતોનો અમલ કરવાનો રહેશે.

૫. આ મંજૂરી અન્વયે ફાળવેલ ગ્રાંટનો હેતુ માટે ઉપયોગ કરી શકાશે નહીં. બચત રહેતી રકમ વર્ષ આખરે સરન્ડર કરવાની રહેશે.

૬. યોજના હેઠળ નિયત કરવામાં આવેલ શરતોનું ચૂસ્તપણે પાલન કરવાનું રહેશે.

૭. પ્રવર્તમાન યોજનાના નોર્મ્સ અને સહાયની રકમોમાં જો ફેરફાર કરવાનો થતો હોય તો તે અંગે રાજ્ય સરકારના આદેશો મેળવી લેવાના રહેશે.

૮. આ મંજૂરી અન્વયે કરવાની થતી ખરીદી અંગે રાજ્ય સરકારની પ્રર્વતમાન ખરીદ નીતિની જોગવાઈઓનું ચુસ્તપણે પાલન કરવાનું રહેશે.

૯. આઇ.ટી. સંબંધિત તમામ બાબતો અંગે સાયન્સ એન્ડ ટેક્નોલોજી વિભાગની વખતો – વખતની સૂચનાઓનું ચુસ્તપણે પાલન કરવાનું રહેશે

૧૦. સરકારી ખર્ચમાં કરકસર અંગેના નાણાં વિભાગના તા.૨૨/૬/૯૪ ના પરિપત્ર ક્રમાંકઃ ખરચ-૧૦૯૪-૬૦—ઝ૧, તા.૨૦/૫/૯૬ ના ઠરાવ ક્રમાકઃખરચ-૧૦૯૬-ઓ-૬૪૫-ઝ૧, તા..૯/૯/૯૮ ના ઠરાવ ક્રમાંકઃખરચ-૧૦૯૮-૭૦૪-(૫૮)-ઝ.૧ તથા તા.૧૪/૦૮/૨૦૧૪ ના ઠરાવ ક્રમાંકઃખરચ-૧૦૨૦૧૦-૧૧૮-ઝ૧ અનુસારની તેમજ વખતો વખતની સૂચનાઓની ચૂસ્તપણે પાલન કરવાનું રહેશે.

૧૧. મંજૂર થયેલ અંદાજોમાં કોઈ ફેરફાર થાય તો તે અંગેની સુધારેલી વહીવટી મંજૂરી સમયસર મેળવવાની પૂરતી તકેદારી રાખવાની રહેશે.

૧૨. આ યોજનાના અમલના ભાગરુપે હાથ ધરવાની પ્રવૃતિઓ પૈકી જે પ્રવૃતિ હાથ ધરવા સરકારશ્રીની નિયત ગાઈડલાઈન્સ ન હોય ત્યાં તે હાથ ધરવા સક્ષમ કક્ષાએ મંજૂરી મેળવવામાં આવે તથા તંદુરસ્ત સ્પર્ધા જળવાય તે સુનિશ્રિત કરવાનુ રહેશે.

૧૩. આ કામના ટેન્ડર પ્રોસેસિંગમાં સરકારના ઉદ્યોગ અને ખાણ વિભાગના તા. ૨૨/૧૧/૨૦૦૬ ના ઠરાવ ક્રમાંકઃ એસપીઓ/૧૦૨૦૦૫/૧૪૦૭/ચ માં ઈ- ટેન્ડરીંગ અંગે આપવામાં આવેલ સૂચનાઓ અને ત્યારબાદ વખતો –વખત થયેલ સુધારાઓનું ચૂસ્તપણે પાલન કરવાનું રહેશે.

૧૪. આ યોજના અંગે કોઇ ખરીદી કરવાની થતી હોય તેવા કિસ્સામાં ઉદ્યોગ અને ખાણ વિભાગના તા. ૦૩/૦૨/૨૦૨૧ ના ઠરાવ ક્ર.: એસપીઓ – ૧૦૨૦૧૫-૬૯૧૦૯૩-ચ થી સૂચવવામાં આવેલ કાર્યપધ્ધતિ અને કાર્યપ્રણાલિકાને અનુસરીને ઇ- માર્કેટપ્લસ (જી.ઈ. એમ.) પોર્ટલ પરથી કરવાની રહેશે.

આ અંગેનો ખર્ચ સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગના માંગણી નંબર: ૯૨, મુખ્ય સદર: ૨૨૨૫-અનુસૂચિત જાતિઓ, અનુસૂચિત આદિજાતિઓ, અન્ય પછાતવર્ગ અને લઘુમતીઓનું કલ્યાણ, પેટા મુખ્ય સદર: ૦૩-પછાત વર્ગોનું કલ્યાણ, ગૌણ સદર: ૨૭૭-શિક્ષણ, પેટા સદર: ઓબીસી-૬ સરકારી છાત્રાલયો અને નિવાસી શાળાઓમાં નિવાસી સવલતો(બીસીકે-૯૫) હેઠળ કરવામાં આવેલ જોગવાઇમાંથી કરવાનો રહેશે.

આ હુકમો આ વિભાગની સરખા ક્રમાંકની ફાઇલ પર નાણાં વિભાગની તા.૦૪/૦૮/૨૦૨૧ની નોંધથી મળેલ મંજૂરી અન્વયે બહાર પાડવામાં આવે છે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

બિડાણ- પરિશિષ્ટ-૧

(કીર્તિ ચૌહાણ)
સેક્શન અધિકારી
સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ

**પ્રતિ,**

(૧) નિયામકશ્રી, વિકસતી જાતિ કલ્યાણ, ડૉ. જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.

**નકલ રવાના:-**

(૧) માન.મંત્રીશ્રી(સા.ન્યા.)ના અંગત સચિવશ્રી, સ્વર્ણિમ સંકુલ-૧, સચિવાલય, ગાંધીનગર.

(૨) માન.રા.ક.મંત્રીશ્રી(સા.શૈ.પ.વ.)ના અંગત સચિવશ્રી, સ્વર્ણિમ સંકુલ-૨, સચિવાલય, ગાંધીનગર.

(૩) અધિક મુખ્ય સચિવશ્રીના અંગત મદદનીશશ્રી, નાણાં વિભાગ, સચિવાલય, ગાંધીનગર.

(૪) અધિક મુખ્ય સચિવશ્રીના અંગત મદદનીશશ્રી, સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ, સચિવાલય, ગાંધીનગર.

(૫) નાણાં સલાહકારશ્રી(સા.ન્યા.), સચિવાલય, ગાંધીનગર.

અંદાજપત્રીય જોગવાઈ કરાવી લેવાની રહેશે.

૩. આ અંગેનુ ખર્ચ રાજ્ય સરકારના સ્થોયી તેમજ વખતો-વખત લાગુ પડતાં ઠરાવો/પરિપત્રો અને નિયમોની જોગવાઈઓ મુજબ નિયત પધ્ધતિથી કરવાનું રહેશે.

૪. આ મંજૂરી અંગે કરવાના થતા ખર્ચ અંગે નાણાકીય ઔચિત્યના સિંધ્ધાતોનો અમલ કરવાનો રહેશે.

૫. આ મંજૂરી અન્વયે ફાળવેલ ગ્રાંટનો હેતુ માટે ઉપયોગ કરી શકાશે નહીં. બચત રહેતી રકમ વર્ષ આખરે સરન્ડર કરવાની રહેશે.

૬. યોજના હેઠળ નિયત કરવામાં આવેલ શરતોનું ચૂસ્તપણે પાલન કરવાનું રહેશે.

૭. પ્રવર્તમાન યોજનાના નોર્મ્સ અને સહાયની રકમોમાં જો ફેરફાર કરવાનો થતો હોય તો તે અંગે રાજ્ય સરકારના આદેશો મેળવી લેવાના રહેશે.

૮. આ મંજૂરી અન્વયે કરવાની થતી ખરીદી અંગે રાજ્ય સરકારની પ્રર્વતમાન ખરીદ નીતિની જોગવાઈઓનું ચુસ્તપણે પાલન કરવાનું રહેશે.

૯. આઇ.ટી. સંબંધિત તમામ બાબતો અંગે સાયન્સ એન્ડ ટેક્નોલોજી વિભાગની વખતો – વખતની સૂચનાઓનું ચુસ્તપણે પાલન કરવાનું રહેશે

૧૦. સરકારી ખર્ચમાં કરકસર અંગેના નાણાં વિભાગના તા.૨૨/૬/૯૪ ના પરિપત્ર ક્રમાંકઃ ખરચ-૧૦૯૪-૬૦—ઝ૧, તા.૨૦/૫/૯૬ ના ઠરાવ ક્રમાકઃખરચ-૧૦૯૬-ઓ-૬૪૫-ઝ૧, તા..૯/૯/૯૮ ના ઠરાવ ક્રમાંકઃખરચ-૧૦૯૮-૭૦૪-(૫૮)-ઝ.૧ તથા તા.૧૪/૦૮/૨૦૧૪ ના ઠરાવ ક્રમાંકઃખરચ-૧૦૨૦૧૦-૧૧૮-ઝ૧ અનુસારની તેમજ વખતો વખતની સૂચનાઓની ચૂસ્તપણે પાલન કરવાનું રહેશે.

૧૧. મંજૂર થયેલ અંદાજોમાં કોઈ ફેરફાર થાય તો તે અંગેની સુધારેલી વહીવટી મંજૂરી સમયસર મેળવવાની પૂરતી તકેદારી રાખવાની રહેશે.

૧૨. આ યોજનાના અમલના ભાગરુપે હાથ ધરવાની પ્રવૃતિઓ પૈકી જે પ્રવૃતિ હાથ ધરવા સરકારશ્રીની નિયત ગાઈડલાઈન્સ ન હોય ત્યાં તે હાથ ધરવા સક્ષમ કક્ષાએ મંજૂરી મેળવવામાં આવે તથા તંદુરસ્ત સ્પર્ધા જળવાય તે સુનિશ્રિત કરવાનુ રહેશે.

૧૩. આ કામના ટેન્ડર પ્રોસેસિંગમાં સરકારના ઉદ્યોગ અને ખાણ વિભાગના તા. ૨૨/૧૧/૨૦૦૬ ના ઠરાવ ક્રમાંકઃ એસપીઓ/૧૦૨૦૦૫/૧૪૦૭/ચ માં ઈ- ટેન્ડરીંગ અંગે આપવામાં આવેલ સૂચનાઓ અને ત્યારબાદ વખતો –વખત થયેલ સુધારાઓનું ચૂસ્તપણે પાલન કરવાનું રહેશે.

(૬) એકાઉન્ટન્ટ જનરલશ્રી, અમદાવાદ/રાજકોટ.

(૭) પગાર અને હિસાબી અધિકારીશ્રી, ગાંધીનગર.

(૮) સર્વે જિલ્લા તિજોરી અધિકારીશ્રી, ગાંધીનગર(નિયામકશ્રી, વિ.જા.ક. મારફત)

(૯) નિવાસી ઓડિટ અધિકારીશ્રી, ગાંધીનગર.

(૧૦) સંબંધિત જિલ્લા નાયબ નિયામકશ્રી/સમાજ કલ્યાણ અધિકારીશ્રી(વિ.જા.) (નિયામકશ્રી, વિ.જા.ક. મારફત)

(૧૧) સેક્શન અધિકારીશ્રી(કો.સેલ), સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ, સચિવાલય તરફ વિભાગની વેબસાઇટ પર મૂકવાની વિનંતીસહ

(૧૨) સેક્શન અધિકારીશ્રી(બ-શાખા), સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ, સચિવાલય

(૧૩) સિલેકટ ફાઇલ

તા.૧૨/૦૮/૨૦૨૧ના ઠરાવ ક્રમાંક:.સશપ/૧૨૨૦૨૧/૧૧૯૫૫/ન.બા.૫૩/અ.૧

## પરિશિષ્ટ-૧

| ક્રમ | સાધન-સામગ્રીની વિગત | એક નંગની કિંમત રૂપિયા | જરૂરીયાતની વિગત (નંગ) | રકમ |
|---|---|---|---|---|
| ૧ | એલ.ઇ.ડી. ટીવી | ૩૭,૫૦૦/- | ૨ | ૭૫,૦૦૦/- |
| ૨ | એલ.ઇ.ડી. પ્રોજેક્ટર | ૩૭,૫૦૦/- | ૨ | ૭૫,૦૦૦/- |
| ૩ | લેપટોપ | ૨૦,૦૦૦/- | ૨ | ૪૦,૦૦૦/- |
| ૪ | પ્રિન્ટર | ૧૦,૦૦૦/- | ૧ | ૧૦,૦૦૦/- |
| ૫ | Wi-Fi Router / Extender | ૧૦,૦૦૦/- | ૧ | ૧૦,૦૦૦/- |
| ૬ | કોમ્પ્યુટર મલ્ટી મીડીયા સ્પીકર (૨.૧) | ૨,૫૦૦/- | ૨ | ૫,૦૦૦/- |
| ૭ | ઇન્ટરનેટ કનેકશન / Wi-Fi | ૫,૦૦૦/- | ૧ | ૫,૦૦૦/- |
| ૮ | કોમ્પ્યુટર (With table) | ૪૦,૦૦૦ | ૪ | ૧,૬૦,૦૦૦/- |
| ૯ | ટેકનિકલ સપોર્ટ- સ્કુલ કો-ઓડીનેટર(આઉટસોર્સીંગ) | ૧૦,૦૦૦/- (માસિક મહેનતાણું) | ૧ | ૧,૨૦,૦૦૦/- |
| ૧૦ | Education Software as per GCERT approved Curriculum & School Management Software | Class-I-VIII | - | Free |
| | **Total Cost** | | | ૫,૦૦,૦૦૦/- |
| ૨ વર્ગોના રૂ.૫,૦૦,૦૦૦ લેખે કુલ ૧૦ વર્ગોના રૂ.૨૫,૦૦,૦૦૦/- થાય | | | | |

(સંકલન અધિકારી)